# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી – ૩૯૬ ૪૫૦, ગુજરાત

**સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં ઓનલાઈન એડમીશન (વેબસાઈટ: www.gsauca.in) અંગેની જરૂરી સૂચનાઓ :**

(૧) વેબસાઈટ પર ચલણ ફોર્મમાં ધો–૧૨ સાયન્સની માર્કશીટ પરથી માત્ર નામ ભરીને પ્રિન્ટ કરી તેમાં વિદ્યાર્થીની સહી કરી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (SBI) ની કોઈપણ નજીકની શાખામાં ચલણથી રૂ.૫૦૦/– રોકડા ભરવાના રહેશે. (***તા.૦૨/૦૬/૨૦૧૪ થી તા.૨૧/૦૬/૨૦૧૪ સુધી)*** ત્યારબાદ ૨૪ કલાક પછી ફરીથી www.gsauca.in માં જઈ ઓનલાઈન પ્રવેશફોર્મ ભરી શકાશે.

(૨) ઓનલાઈન પ્રવેશ ફોર્મ માટે ચલણ પરથી ચલણ નંબર, તારીખ અને બેંકનો કોડ નંબર નાખવાથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ખોલી શકાશે અને ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં માંગેલ જરૂરી વિગતો ખૂબ જ ચોકકસાઈથી ભરવાની રહેશે, તેમજ પ્રવેશ ફોર્મ સબમીટ કર્યા પહેલા ચકાસી લેવું. (***તા.૦૩/૦૬/૨૦૧૪ થી ૨૩/૦૬/૨૦૧૪*** સુધી).

(૩) હેલ્પ સેન્ટર પર કે અન્ય જગ્યાએથી ભરેલ ફોર્મ સાથે અસલ શૈક્ષણિક માર્કશીટ/પ્રમાણપત્ર અને તેની પ્રમાણિત નકલો સાથે લાવી હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઈન વેરીફીકેશન કરાવવાનું રહેશે. વેરીફીકેશન કરેલ પ્રવેશ ફોર્મ જ મેરીટ માટે માન્ય રહેશે. (***તા.૦૩/૦૬/૨૦૧૪ થી ૨૩/૦૬/૨૦૧૪*** સુધી). **હેલ્પ સેન્ટર ખાતે વેરીફીકેશન કર્યા પછીજ કોલેજની ચોઈસ ફીલીંગ થઈ શકશે** જની નોંધ લેવી.(***તા.૦૩/૦૬/૨૦૧૪ થી ૨૩/૦૬/૨૦૧૪*** સુધી)

(૪) વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મમાં ફોટોગ્રાફ અપલોડ કરવાનો રહેતો હોઈ તે સોફટકોપીમાં લાવવાનો રહેશે.

(૫) એસઈબીસી કેટેગરીના વિદ્યાર્થીઓએ નોન ક્રિમિલીયર સર્ટીફિકેટ ચાલુ વર્ષનું કઢાવાનું રહેશે અને સર્ટીફિકેટ ઈશ્યુ થયેલ તારીખ ઓનલાઈન ફોર્મમાં ભરવાની રહેશે.

(૬) વિદ્યાર્થીઓએ ખેડૂત પુત્ર/પુત્રી હોય તો ચાલુ વર્ષના એટલે કે તા. ૦૧/૦૪/૨૦૧૪ કે તે પછીના સમયે ઈશ્યુ થયેલ ૭–૧૨ અને ૮–અ ના દાખલાની તારીખ તેમજ જમીનધારક સાથેના સંબંધ ઓનલાઈન ફોર્મમાં ભરવાની રહેશે.

(૭) વિદ્યાર્થીઓએ મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ આઈડી ભરવાના રહેશે જેથી તેઓને મોબાઈલમાં ફોર્મ સબમીટ થતાં મેસેજ મળશે. તેમજ ઈ–મેઈલમાં પણ મેસેજ મળશે. (જો મોબાઈલ DND એકટીવેટ હશે તો ઉપરોકત મેસેજ મળી શકશે નહિ).

***રજીસ્ટ્રેશન/વેરીફીકેશન સમયે ઉમેદવારોએ નીચે મુજબના શૈક્ષણિક માર્કશીટ/સર્ટીફીકેટની ઓરીજીનલ તેમજ પ્રમાણિત કરેલ નકલો લાવવાની રહેશે.***

(i) ધોરણ–૧૨ અને જેઈઈ/ગુજકેટ–૨૦૧૪ની માર્કશીટ.

(ii) સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ / ટ્રાન્સફર સર્ટીફીકેટ .

(iii) એસસી / એસટી / ઓબીસી (બંક્ષીપંચ)ના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર તેમજ ઓબીસી (બંક્ષીપંચ)ના ઉમેદવારોએ ચાલુ વર્ષ એટલે કે તા. ૦૧/૦૪/૨૦૧૪ કે તે પછીના સમયનું નોન–ક્રિમીલીયર સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે અન્યથા ઓબીસી (બંક્ષીપંચ)નો લાભ મળવાપાત્ર રહેશે નહિ.

(iv) શારીરીક રીતે ખોડખાંપણ (ફીઝીકલ હેન્ડીકેપ) ધરાવતાં ઉમેદવારોએ સીવીલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(v) નિવૃત્ત સૈનિકના પુત્ર / પુત્રીએ પોતાના પિતાએ બજાવેલ ફરજનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(vi) જો ઉમેદવાર પારસી જ્ઞાતિનો હોય, તો તે અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(vii) જો ઉમેદવાર કાશ્મીરી માઈગ્રેન્ટ હોય, તો તે અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(viii) ગુજરાત રાજયની સરહદી વિસ્તારમાંથી (ફકત નિઝર તાલુકાના વિદ્યાર્થીઓ માટે) જે ઉમેદવારોએ ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહની સમકક્ષ પરીક્ષા મહારાષ્ટ્ર રાજય બોર્ડમાંથી પાસ કરેલ હોય તેમજ ગુજકેટ–૨૦૧૪/JEE ચાલુ વર્ષમાં આપેલ હોય તેવા ઉમેદવારોએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ (મામલતદાર) ધ્વારા આપવામાં આવેલ ગુજરાતના અધિનિવાસી અંગેનું (ડોમીસાઈલ) સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે. તેમજ વિજ્ઞાન પ્રવાહના વિષયોના થીયરી અને પ્રેકટીકલના અલગ અલગ માર્કસ દર્શાવેલ માર્કશીટ / પ્રમાણપત્ર લાવવાનું રહેશે.

**<u>નીચે દર્શાવેલ પ્રમાણપત્રો હશે તો જે ડીગ્રી કોર્સમાં લાગુ પડશે તેમા વધારાના વેઈટેજ માર્કસ મળવાપાત્ર છે.</u>**

(ix) એગ્રી. / હોર્ટી. / ફોરેસ્ટ્રી/ એગ્રી. બાયોટેકનોલોજી/ હોમ સાયન્સ અને ન્યુટ્રીશન ડીગ્રીમાં પ્રવેશ માટે ઉમેદવાર જો ખેડૂત પુત્ર/પુત્રી હોય તો ચાલુ વર્ષ ૨૦૧૪ના ૭–૧૨ અને ૮–અ ના દાખલોઓ રજૂ કરવાના રહેશે.

(x) એગ્રી. / હોર્ટી. / ફોરેસ્ટ્રી/ એગ્રી. બાયોટેકનોલોજી/ હોમ સાયન્સ અને ન્યુટ્રીશન ડીગ્રીમાં પ્રવેશ માટે જમીન ધારક તેમજ ઉમેદવાર સાથેનો ખેડૂત પુત્ર / પુત્રી / ભાઈ / બહેન / દાદા / દાદી (પિતૃ પક્ષ)નો સંબંધ સ્પષ્ટ કરવા માટે ગ્રામ પંચાયત / નગરપાલિકા તેમજ જરૂરી સક્ષમ અધિકારીશ્રીનો દાખલો રજૂ કરવાનો રહેશે.

(xi) માત્ર ફીશરીઝ ડીગ્રીમાં પ્રવેશ માટે ઉમેદવાર જો માછીમાર પુત્ર / પુત્રી હોય તો ચાલુ વર્ષ ૨૦૧૪ના આસીસ્ટન્ટ ડાયરેકટર ફિશરીઝ વિભાગના વડાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(xii) ડેરી અને ફુડ ટેકનોલોજી ડીગ્રી (ફકત સરદારકૃષિનગર ખાતે)માં પ્રવેશ માટે ઉમેદવારો જો દૂધ ઉત્પાદક મંડળીનો સભ્ય હોય તો ચાલુ વર્ષ ૨૦૧૪નું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(xiii) ઉમેદવારે જો રાષ્ટ્રીય કક્ષાએ રમત–ગમતમાં ભાગ લીધેલ હોય અથવા રાજય કક્ષાએ રમત–ગમતમાં પ્રથમ / બીજો નંબર આવેલ હોય, તો તેવા ઉમેદવારોએ તે અંગેના પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.